જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૯/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૬૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧ | ૪,૫૩,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૬૧/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૬૭ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૬૨/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૬૩/૨૦૨૨

**કાલુપુરઃ** વિનોદ પરસોત્તમદાસ મેઘનાની (ઉ.વ.૩૮) (રહે. અશોક ટેનામેન્ટ કેડીલા લેબોરેટરી સામે ઘોડાસર) એ તા.૧૬/૦૯/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિનોદ મેઘનાની પાંચકુવા ખાતે આવેલ એમ.એ.ટ્રસ્ટ બિલ્ડીંગ ખાતે રાજરાજેશ્વર ક્રિએશન નામની ફર્મ ખાતે ધંધો કરતા હોઈ માહે જુલાઈ-૨૦૨૦ થી ઓક્ટોમ્બર-૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ઈશ્વરભાઈ આસુમલ મોટવાણી (સ્ટાર ટેક્ષ) (ઠે. દુકાન નંબર ૧૦૫, પ્લસ પોઈન્ટ કોમ્પલેક્ષ, મંછાપુર, કાલસાંદ ગુલી મુન્સી, ન્યુ દિલ્હી ગેટ, સુરત) તથા (નમન ટ્રેડીંગ કંપની) ૨૬૩/૨૦૮૯, યુનિટી CHS રોડ નંબર-૬, મોતીલાલનગર, ગોરેગાંવ વેસ્ટ મુંબઈ (૨) કુમાર ઉર્ફે મહેન્દ્ર લોંધવાણી (અનુભવ ક્રિએશન) (ઠે. લાલા મસ્જીદ બેઝમેન્ટ પાછળ માલપુર ડીઘી રોડ સાંગાનેર જયપુર રાજસ્થાન) (૩) લલીતભાઈ સોમૈયા (શ્રીજી ફેશન) (ઠે. રૂમ નંબર- બી-૭, પ્લોટ નં ૩૪૪, સુયાશ CHS, સેક્ટર નંબર-૩, ચારકોપ, કાંડીવલી વેસ્ટ મુંબઈ) અને (૪) મહેન્દ્ર એ. મોટવાણી (રહે, શિવાંજલી ફ્લેટ, આનંદમહેલ રોડ અડાજણ સુરત) એ ભેગા મળી કુર્તીઓનો માલ કિમત રૂપિયા ૧૦,૩૭,૭૨૭/- વિનોદ મેઘનાની પાસેથી ખરીદ કરી માલ મેળવી લઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.બી.ગામીત ચલાવે છે.

**પાલડીઃ** આશુતોષ ભરતભાઈ પાઠક (ઉ.વ.૩૯) (રહે. પંચામૃત રેસીડેન્સી ક્ષવણગ્રીન પાછળ વડોદરા) એ તા.૧૬/૦૯/૨૦૨૨ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પાલડી ભટ્ઠા સંઘવી હોસ્પીટલની બાજુમા નિલમ એવન્યુ બેઝમેન્ટ ખાતે આવેલ આશુતોષ પાઠકની કંપનીના એરીયા સેલ્સ મેનેજર (૧) હાર્દિક સ/ઓ વિનોદભાઇ પટેલ (રહે. તિરૂપતી સોસાયટી જી.એસ.ટી.રેલ્વે ક્રોસ રોડ ન્યુ રાણીપ અને (૨) સમીર અલ્લારખા મેમણ (રહે.દાણીલીમડા ગામ) એ ભેગા મળી છેલ્લા દોઢેક વર્ષથી તેની અંડરના મોબાઇલ રીટેલરના બીલો કંપનીમાંથી જનરેટ કરાવી કંપનીમાંથી બીલ પ્રમાણે માલ મેળવી લઇ જે તે રીટેલરોને તેમની જરૂરીયાત મુજબનો માલ આપી બાકીનો માલ બીલો ઉપર રીટેલરોના માલ મળ્યા અંગેના ખોટા સીલ બનાવી બીલ ઉપર રીસીવના સીલ મારી માલ વેચી માલના બીલોની રકમ આશરે રૂપિયા ૭૦,૪૫૨૪૮/- કંપનીને નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી રિદ્ધી દવે ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૪/૨૦૨૨</u>**

**પાલડીઃ** વિનુબહેન વિઠ્ઠલભાઇ ઠક્કર (ઉ.વ.૬૬) (રહે. શ્રીનંદનગર વિભાગ-૪ વેજલપુર) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પાલડી પ્રીતમનગર ઠાળ થી મહાલક્ષ્મી પાંચ રસ્તા સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ સ્ત્રી-પુરૂષે વિનુબહેન ઠક્કરની નજર ચુકવી વિનુબહેન ઠક્કરના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૨,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૫/૨૦૨૨</u>**

**નિકોલઃ** સંકલ્પ ઈન્ટરનેશનલ સ્કુલ અમરજવાન સર્કલ પાસે નવી બનતી સાઈડ ખાતે રહેતા અને ત્યાજ કામ કરતા કેશવભાઈ સ/ઓ પુંજાભાઈ ડીંડોર (મુળ વતન.ગામ ગેંજીઘાટા પોસ્ટ વિકાસનગર તા. બિચ્છુવાડા જીલ્લો ડુંગરપુર રાજસ્થાન) તા.૧૬/૦૯/૨૦૨૨ રાતના ૧૨/૧૫ વાગ્યાના સુમારે સાઈટના દસમાં માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૬/૨૦૨૨</u>**

**સાબરમતીઃ** અશોકભાઈ કેશાભાઈ પરમાર (ઉ.વ.૨૭) (રહે. ઈન્દીરાનગર સીટી ગોલ્ડ સીનેમા સામે સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબાની સીંલીગ ઉપર લગાવેલ કડી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મનુભાઈ સવાભાઈ ચલાવે છે.

**વટવાઃ** શૈલેન્દ્રસિંગ ભગવતિપ્રસાદ રાજપુત (ઉ.વ.૩૯) (રહે.સિધ્ધિ વિનાયક એવન્યુ વિમન પાર્ટી પ્લોટ સામે બચુભાઇ ચોકડી પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૨ સાંજના ૭/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે બંને હાથની નસો કાપી તેમજ પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.બારીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી